ગણેશવાળાના પ્રકરણ બાદ 1-2 દિવસમાં જ ધડાકો થવાની સંભાવના

ત્રણ ઈજનેરને એડિ. સિટી ઈજનેર બનાવાશે, મોટાપાયે બદલીનો તખ્તો

ભ્રષ્ટાચારના આક્ષેપવાળા કાર્યપાલક ઇજનેરોને સાઈડ ટ્રેક કરાશે

ડેપ્યુટી કમિશનર સ્વાતિ દેસાઈને શરત મુજબ ઝોનમાંથી મુક્ત કરાય તેવી શક્યતા

સુરતઃ સુરત મહાનગર પાલિકામાં મોટાપાયે વહીવટી ફેરફારના સંકેત મળી રહ્યા છે. ગણેશવાળાના પ્રકરણ બાદ મનપા કમિશનર એમ. નાગરાજન અને શાસકો વચ્ચે આઈ ટ્રિપલ સી ખાતે લાંબી મેરેથોન બેઠક યોજાઈ હતી, જેમાં કમિશનરની બદલીનો તખ્તો તૈયાર થયો હોવાની ચર્ચા છે. આગામી એક-બે દિવસમાં બદલીનો નિર્ણય આવી શકે છે.

ચર્ચાઓ પ્રમાણે લિંબાયત ઝોનમાં કાર્યપાલક ઈજનેર ગણેશવાલા સામેના એસીબી પ્રકરણ બાદ ભ્રષ્ટાચાર માટે વગોવાયેલા કાર્યપાલક ઈજનેરોને સાઈડ ટ્રેક કરવા કમિશનર કક્ષાએ તૈયારી શરૂ કરાઈ હોવાનું જાણવા મળે છે. આ મુદ્દે મેયર દક્ષેશ માવાણી તેમજ સ્થાયી સમિતિના ચેરમેન રાજન પટેલ દ્વારા પણ કમિશનરને કડક કાર્યવાહી માટે સૂચન કરવામાં આવ્યું હોવાનું કહેવાય છે. મનપામાં વિભાગીય વડાઓ માટે ઉચ્ચ અધિકારીઓની અછતને ધ્યાનમાં રાખી એક મહિલા સહિત ત્રણ કાર્યપાલક ઈજનેરોને ઇન્ચાર્જ સિટી ઈજનેર તરીકે ચાર્જ સોંપવાની શક્યતા છે. સાથે જ, અમુક ઝોનમાં પણ કાર્યપાલક ઈજનેરો બદલાશે. આજ સુધી ઝોનમાં પોસ્ટિંગ ન મળેલા બે કાર્યપાલક ઈજનેરોને ઝોનની જવાબદારી આપવાની ચર્ચા છે. ઉપરાંત, ફાઈનાન્સ સિવાય અન્ય કોઈ મોટી જવાબદારી કે ઝોન ન આપવાની શરતે રાજીનામું પાછું ખેંચનાર ડેપ્યુટી ઈજનેર સ્વાતિ દેસાઈને ઉધના ઝોનમાંથી મુક્ત કરવાની શક્યતા પણ વ્યક્ત થઈ રહી છે. મનપાના વહીવટીતંત્રમાં આ બદલાવોથી આગામી દિવસોમાં રાજકીય અને પ્રશાસકીય ગતિવિધિઓ વધુ તેજ બનવાની સંભાવના છે.

લસકાણામાં મકાનની દિવાલ પડતા શ્રમિક દબાયો

રામદેવનગરમાં બનેલી ઘટનામાં ફાયર ટીમે કાટમાળ નીચે દબાયેલી વ્યક્તિને કોમ્બિંગ ટુલ્સની મદદથી હટાવી કાઢી રેસ્ક્યુ કરી લીધો

સુરતઃ લસકાણા સ્થિત રામદેવનગરમાં બુધવારે વહેલી સવારે બે માળનાં એક મકાનની ગેલેરીનો હિસ્સો ધડામ કરીને તૂટી ગયો હતો. દરમિયાન ગેલેરીનો કાટમાળ નીચે ઊભેલા એક વ્યક્તિનાં માથે પડતા તે ઘાયલ થઈ ગયો હતો. બનાવની જાણ ફાયર કંટ્રોલને કરતા કાપોદ્રા ફાયરનો કાફલો સ્થળ ઉપર દોડી ગયો હતો અને કાટમાળ નીચે દબાયેલાં વ્યક્તિને રેસ્ક્યુ કર્યો હતો.

પ્રાપ્ત જાણકારી મુજબ, બુધવારે સવારે 6:30 કલાકે લસકાણા સ્થિત રામદેવનગર બળીયાદેવ મંદિર પાસે બિલ્ડિંગનં-4માં અનેક ખોલીઓમાં શ્રમજીવી ઓ રહે છે. ત્યારે પહેલાં માળની ગેલેરીનો એક મોટો હિસ્સો એકાએક ધડાકાભેર તૂટી ગયો હતો. આ સમયે નીચે ઊભેલા ગૌતમભાઈ કાટમાળ નીચે દબાઈ ગયા હતા. સ્થાનિકોએ ફાયર કંટ્રોલને તેની જાણ કરી હતી

તેથી કાપોદ્રા ફાયર સ્ટેશનની ટીમ સ્થળ ઉપર પહોંચી ગઈ હતી. ફાયર સબ ઓફિસર કિરણ પટેલે જણાવ્યું હતું કે, તેમની ટીમે કાટમાળ નીચે દબાયેલી વ્યક્તિને કોમ્બિંગ ટુલ્સની મદદથી હટાવી કાઢી રેસ્ક્યુ કરી લીધો હતો. દરમિયાન 108 ની ટીમ ત્યાં હાજર હોવાથી ઈજાગ્રસ્તને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

પાલમાં 11મા માળેથી નીચે પટકાતાં શ્રમજીવીનું મોત

સુરતઃ પાલ વિસ્તારમાં ગૌરવ પથ રોડ પર નિર્માધીન બિલ્ડિંગના 11મા માળેથી પાંચમા માળની ગેલેરીમાં પટકાતા શ્રમજીવીનું મોત નીપજ્યું હતું.

પાલના ગૌરવ પથ રોડ પર સ્વર્ગ એપાર્ટમેન્ટ નામની નવી બંધાતી બિલ્ડિંગમાં ૪૭ વર્ષીય તોરણભાઈ લાલભાઈ પટેલ પરિવાર સાથે રહેતા હતા અને ત્યાં જ સાઈડ પર મજૂરીકામ કરી પત્ની, બે પુત્ર અને બે પુત્રી સહિતના પરિવારનું ભરણપોષણ કરતા હતા. બુધવારે સવારે તોરણભાઈ નવનિર્મિત બિલ્ડિંગના ૧૧મા માળેથી સામાન નીચે ઊતરતી વખતે અકસ્માતે પાંચમા માળે નીચે ગેલેરીમાં પટકાયા હતા. જેથી ગંભીર ઈજાને પગલે તેમનું મોત નીપજ્યું હતું. આ અંગે વધુ આગળની તપાસ પાલ પોલીસ કરી રહી છે.

સ્યુસાઇડ નોટ બાલમુકુંદે નહીં પત્ની પ્રિયંકાએ લખી હતી

પાલતુ શ્વાન કેન્ડીની પણ ચિંતા વ્યક્ત કરી

સામુહિક આપઘાત કેસમાં પોલીસ તપાસમાં ચોંકાવનારી વિગતો સામે આવી છે. આપઘાત પહેલા જે ત્રણ પાનાની સ્યુસાઇડ નોટ લખવામાં આવી છે, તે હિન્દીમાં લખાયેલી છે. આ સ્યુસાઇડ નોટ બાલમુકુંદ ખેતાન દ્વારા નહીં, પરંતુ તેની પત્ની પ્રિયંકા ખેતાને લખી હતી. હેન્ડરાઇટિંગ (હસ્તાક્ષર) પરથી પોલીસને જાણવા મળ્યું છે કે સ્યુસાઇડ નોટ લખનાર પ્રિયંકા છે. સ્યુસાઇડ નોટના અંતે બંને વ્યક્તિઓએ પોતાની સહી પણ કરી છે.

સ્યુસાઇડ નોટમાં દંપતીએ પોતાના પાલતુ શ્વાન 'કેન્ડી' વિશે ચિંતા વ્યક્ત કરી છે. તેમણે જણાવ્યું છે કે, તેમના આપઘાત બાદ કેન્ડીને સુરક્ષિત રાખવા માટે કોઈ ડોગ શેલ્ટર કે શોપમાં મોકલી દેવામાં આવે.

મોબાઇલ અને કપડાં માતાને આપવા ઉલ્લેખ કર્યો

સ્યુસાઇડ નોટમાં ખેતાન દંપતીએ તેમના મોબાઇલ અને ખરીદેલા નવા કપડાં બિહારના પટનામાં રહેતી તેમની માતાને આપવા જણાવ્યું છે. બાલમુકુંદના પિતા હયાત નથી અને માતા પટનામાં રહે છે, તેથી અંતિમ ઈચ્છા તરીકે તેમણે પોતાના મોબાઇલ અને બાકીના તમામ કપડાં માતા સુધી પહોંચાડવા વિનંતી કરી છે.

આરોપી વૈભવ રૂંગટા દિવસમાં બે વખત આવતો હતો

પોલીસ તપાસમાં જાણવા મળ્યું છે કે, છેલ્લા છ મહિનાથી આરોપી વૈભવ રૂંગટાની અવરજવર બાલમુકુંદના ઘરે વધી ગઈ હતી. તે દિવસમાં બે થી ત્રણ વાર તેમના ઘરે આવતો હતો અને સ્યુસાઇડના દિવસે પણ ત્યાં હાજર હતો. સ્યુસાઇડ નોટમાં લખાયું છે કે, વૈભવ બાલમુકુંદના ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કરીને સતત ખરીદી કરતો હતો. વૈભવ કાપડનો દલાલ છે અને હાલમાં જ તેણે કાપડની ખરીદી પણ કરી હતી.

પ્રદુષણ નાથવા અમરોલીમાં બીજો સ્મોગ ટાવર લાગશે

આ પ્રોજેક્ટ માટે જે-તે સમયે પૂર્વ સાંસદ દર્શનાબેન જરદોશની ગ્રાન્ટમાંથી રૂપિયા 35,50,000 ફાળવવામાં આવ્યા છે

અગાઉ સુરત મહાનગરપાલિકા દ્વારા વસ્તાદેવડી રોડ પર એક સ્મોગ ટાવર લગાવાયો છે

સુરતઃ સુરત શહેરમાં વધતા જતા વાયુ પ્રદૂષણને નિયંત્રિત કરવા માટે આધુનિક એર સ્મોગ ટાવર લગાવવાની દિશામાં મનપાએ કવાયત કરી છે. શહેરમાં હાલ વચ્ચે હવાની ગુણવત્તા ખુબ બગડી હતી. શહેરનું AQI 300 ની ઉપર જતા તંત્ર પર માછલા ધોવાયા હતા. જેથી હવે શહેરમાં વિવિધ સ્થળે સ્મોગ ટાવર લગાવવાની નોબત આવી છે. આ પ્રોજેક્ટ માટે જે-તે સમયે પુર્વ સાંસદ દર્શનાબેન જરદોશની ગ્રાન્ટમાંથી રૂા. 35,50,000 રૂપિયા ફાળવવામાં આવ્યા છે, જેનો ઉપયોગ કરી આ સ્મોગ ટાવર અમરોલી ચાર રસ્તા ફ્લાય ઓવર બ્રિજ નીચે લગાવાશે. અગાઉ બે વખત ટેન્ડર મંગાવવા છતાં યોગ્ય પ્રતિસાદ ન મળતા, ત્રીજી પ્રયાસે ટેન્ડર મંગાવાયા હતા. જ્હાનવી ઇન્ટરનેશનલ નામની એજન્સી સ્મોગ ટાવરની ડિઝાઇન, સપ્લાય અને ઇન્સ્ટોલેશનની સાથે તેની કામગીરીનું પરીક્ષણ પણ કરશે. જે માટેની દરખાસ્ત સ્થાયી સમિતિ સમક્ષ મુકવામાં આવી છે.

સ્મોગ ટાવરના બાંધકામ અને મશીનરી માટે અંદાજે 33. 91 લાખનો ખર્ચ થશે, જ્યારે આગામી 3 વર્ષ સુધી તેના નિભાવ અને મરામત માટે 1,07,954 રૂપિયા ખર્ચવામાં આવશે. આમ, GST સાથે આ આખો પ્રોજેક્ટ અંદાજે 34.99 લાખ એટલે કે, અંદાજીત 35 લાખના ખર્ચે તૈયાર થશે.

ટાવર લગાવવાનો મુખ્ય ખર્ચ પુર્વ સાંસદની ગ્રાન્ટમાંથી ચૂકવવામાં આવશે, જ્યારે તેના મેન્ટેનન્સનો ખર્ચ સુરત મહાનગરપાલિકા પોતાના ભંડોળમાંથી ભોગવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉ મનપા દ્વારા વસ્તાદેવડી રોડ પર એક સ્મોગ ટાવર લગાવાયો છે અને હવે બીજો સ્મોગટાવર અમરોલી વિસ્તારમાં લગાવાશે.

પવનને કારણે તાપમાનમાં બે ડિગ્રીનો ઘટાડો, છતાં ગરમી યથાવત્

સુરતઃ શહેરમાં બુધવારે તાપમાનમાં બે ડિગ્રીનો ઘટાડો નોંધાયો છે. તાપમાનમાં ઘટાડો છતાં ગરમીનો પ્રકોપ યથાવત રહ્યો હતો. આગામી દિવસોમાં ગરમી વધારે આકરી બનશે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ શહેરમાં બુધવારે હવામાનમાં નોંધપાત્ર ફેરફાર જોવા મળ્યો હતો. દિવસ દરમિયાન દક્ષિણ પશ્ચિમ દિશાથી પવન ફુંકાતાં ગરમીમાં થોડી રાહતનો અનુભવ થયો હતો. મહત્તમ તાપમાન ગત દિવસની સરખામણીએ બે ડિગ્રી ઘટીને ૩૫.૬ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. લઘુત્તમ તાપમાનમાં હળવો વધારો નોંધાયો હતો અને તે ૨૦.૭ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચ્યું હતું. સવારે હવામાં થોડી ઠંડકનો અહેસાસ થયો હતો, પરંતુ બપોર પછી તડકાની અસર યથાવત રહી હતી. હવામાન વિભાગના આંકડા મુજબ શહેરમાં ૩૪ ટકા ભેજ નોંધાઈ હતી. દક્ષિણ પશ્ચિમ દિશાથી આશરે ૬ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફુંકાતાં વાતાવરણમાં ભેજ સાથે હળવી ઠંડક પ્રસરી હતી. હવામાનમાં આવેલા આ ફેરફારને કારણે નાગરિકોને કાળઝાળ ગરમીમાંથી આંશિક રાહત મળી હતી. આગામી દિવસોમાં તાપમાનમાં સ્થિરતા રહેવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

પુણાગામમાં એ-વન ડેરીમાંથી શંકાસ્પદ 329 કિલો પનીર જપ્ત

એસઓજી અને પાલિકાના દરોડા, કડોદરાથી આવતું 'એનલોગ' પનીર શહેરની ડેરીઓ અને કેટરર્સમાં પધરાવી દેવાતું હતું

સુરતઃ સુરતીલાલાઓના રસોડે પનીરના નામે 'ઝેર' પીરસવાનું વધુ એક કૌભાંડ સુરત પોલીસના સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) એ ઝડપી પાડ્યું છે. પુણાગામની મારુતિનગરમાં આવેલી એ-વન ડેરી ફૂડ્સમાં એસઓજી અને સુરત મહાનગર પાલિકાના ફૂડ વિભાગે ત્રાટકીને ૩૨૯ કિલો શંકાસ્પદ લૂઝ પનીરનો જથ્થો જપ્ત કર્યો છે. પોલીસે આ મામલે દુકાનદારની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

એસઓજીની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, પુણાગામમાં શંકાસ્પદ પનીરનું વેચાણ થઈ રહ્યું છે. બાતમીના આધારે બુધવારે પુણાગામની મારુતિનગરમાં આવેલી એ-વન ડેરી ફૂડ્સમાં એસઓજી અને સુરત મહાનગર પાલિકાના ફૂડ વિભાગે દરોડા પાડ્યા હતા. દરોડામાં દુકાનમાંથી રૂ.૬૫,૦૦૦ની કિંમતનું ૩૨૯ કિલો પનીર, પ્લાસ્ટિકની થેલીઓ અને પેકિંગ મશીન મળી કુલ રૂ.૯૫,૮૦૦નો મુદ્દામાલ કબજે લેવાયો હતો. પોલીસની પૂછપરછમાં ચોંકાવનારી વિગતો બહાર આવી છે કે, આ પનીર કડોદરા ચાર રસ્તા પાસે રહેતો અશોક દુબે નામનો શખ્સ આપી જતો હતો. રંગેહાથ ઝડપાયેલો દુકાનદાર સત્યવીર તારાસિંગ ધારે (રહે., રાજ હેરિટેજ, ગોડાદરા) છેલ્લાં અઢી વર્ષથી આ કાળો કારોબાર ચલાવતો હતો. તે કડોદરાથી માત્ર રૂ.૨૦૦ પ્રતિ કિલોના ભાવે પનીર મંગાવતો હતો. આ પનીરને લક્ષ્મી નામે પેકિંગ કરી રૂ.૨૨૦માં ચામુંડા ડેરી, માતા ડેરી, પટેલ ડેરી જેવી અન્ય ડેરીઓ અને સ્થાનિક કેટરર્સને વેચતો હતો.

પોલીસે પનીરના નમૂના લઈ લેબોરેટરીમાં મોકલી આપ્યા છે. સસ્તું પનીર હોટલો અને કેટરિંગના માધ્યમથી લોકોના પેટમાં પધરાવી દેવાના આ નેટવર્કમાં અશોક દુબેની શું ભૂમિકા છે અને અન્ય કેટલા ડેરી સંચાલકો આમાં સામેલ છે, તે દિશામાં પોલીસે તપાસનાં ચક્રો ગતિમાન કર્યા છે.

ભેસ્તાનમાં ગણેશ ઈન્ડ. એસ્ટેટમાં વેચાઈ ગયેલા પ્લોટ્સ વેચી માર્યા

દસ્તાવેજ પણ કરી આપી વૃદ્ધ પાસેથી 60 લાખ પડાવ્યા, સાત સામે ગુનો

સુરતઃ ભેસ્તાન વિસ્તારમાં આવેલા ગણેશ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં વૃદ્ધ પાસેથી પહેલેથી વેચાઈ ચૂકેલા તથા કોમન પ્લોટ તરીકે નોંધાયેલા પ્લોટોના દસ્તાવેજ કરી આશરે રૂ. 60 લાખથી વધુની છેતરપિંડી કરાઈ હોવાની ફરિયાદ નોંધાતા પોલીસે 7 વ્યક્તિ સામે ગુનો દાખલ કર્યો છે.

ઉધના-મગદલ્લા રોડ સ્થિત સોમેશ્વર એન્કલેવમાં રહેતા રતન સત્યદેવ શરાફ (ઉં.વ.73)એ ભેસ્તાન પોલીસમથકે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, ફેબ્રુઆરી 2012 દરમિયાન ભેસ્તાન પટેલ ફળિયું ખાતે રહેતા સંજયભાઈ ઝવેરભાઈ પટેલ અને અશ્વિનભાઈ ઝવેરભાઈ પટેલે મૂળ જમીનમાલિકો પાસેથી પાવર ઓફ એટર્ની મેળવી હતી. આ પાવર ઓફ એટર્નીના આધારે ચોર્યાસી તાલુકાના ભેસ્તાન ગામે ગણેશ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટના પ્લોટ નં. 16 અને 17 પહેલેથી જ અન્ય વ્યક્તિને વેચાણ દસ્તાવેજથી વેચાઈ ચૂક્યા હોવા છતાં ફરી રતનભાઈને વેચી દીધા હતા. ફરિયાદ મુજબ, પ્લોટ નં. 10/એ, 11/એ, 12/એ અને 18 સોસાયટીના મંજૂર નકશામાં દર્શાવવામાં આવ્યા નહોતા અને તે જગ્યા કોમન પ્લોટ તરીકે નોંધાયેલી હતી. છતાં આરોપીઓએ તેને પોતાની માલિકી દર્શાવી રજીસ્ટર વેચાણ દસ્તાવેજ કરી દીધા હતા. આ સમગ્ર પ્રકરણમાં સંજયભાઈ અને અશ્વિનભાઈ સાથે કનસાડ સ્થિત રંગ અવધુત સોસાયટીમાં રહેતા રાજેશકુમાર હરીશચંદ્ર લિલાવાલા, વિજયકુમાર હરીશચંદ્ર લિલાવાલા તેમજ સવદાસભાઈ, પ્રવીણભાઈ અને જીગ્નેશભાઈ કાર્ડીનાર્યાનો પણ સમાવેશ થાય છે. આરોપીઓએ અલગ-અલગ પ્લોટોના બહાને કુલ રૂ. 60,03,000 જેટલી રકમ મેળવી લીધી હોવા છતાં પ્લોટનો વાસ્તવિક કબજો આપવામાં આવ્યો ન હતો.

લગ્ન નોંધણીમાં માતા-પિતાની સંમતિ માંગવાની જોગવાઈ ફારસ : વકીલો

આ સુધારાથી લગ્ન કરવાના બંધારણીય હકનો ભંગ થાય છે

માતા-પિતા આ લગ્ન સામે કોઈ જ વાંધો ઉઠાવી શકે નહીં

અલગ અલગ ધર્મના લગ્ન નોંધણીમાં પહેલેથી જ એક માસનો સમય અપાયો જ છે

સુરતઃ રાજ્ય સરકારે લગ્ન નોંધણીમાં સુધારા રજૂ કર્યા છે અને તેમાં માતા-પિતાને જાણ કરવાની જોગવાઈ ઉમેરી છે પરંતુ આ જોગવાઈથી શું મુક્ત રીતે લગ્ન કરવાના બંધારણીય હકનો ભંગ થાય છે? શું માતા-પિતા સંમતિ નહીં આપે તો લગ્ન નહીં નોંધાય? જેવા અનેક પ્રશ્નો પુછાઈ રહ્યા છે. સરકારે આ સુધારાઓ માત્ર જ્ઞાતિઓને ખુશ કરવા માટે જ કર્યા હોવાનું અને તેનો કાયદાકીય રીતે કોઈ જ અર્થ નહીં હોવાની ચર્ચાઓ થઈ રહી છે ત્યારે સુરતના નિષ્ણાંત એડવોકેટ દ્વારા પોતાનો મત વ્યક્ત કરાયો હતો કે આ સુધારાથી લગ્ન નોંધણીમાં કોઈજ ફરક પડે તેમ નથી. બંધારણમાં જ્યારે વિજાતીય પાત્ર સાથે લગ્નનો હક અપાયો છે ત્યારે આ સુધારાઓનો કોઈ મતલબ નથી.

નોંધણીમાં માતા-પિતાની પ્રસ્તાવિત જોગવાઈ બંધારણની વિરુદ્ધ છે: કેતન રેશમવાલા

જાણીતા એડવોકેટ કેતન રેશમવાલાએ જણાવ્યું હતું કે, પ્રસ્તાવિત લગ્ન નોંધણીમાં સુધારા બંધારણની બેઝિક જોગવાઈ આર્ટિકલ ૨૧ વિરુદ્ધની છે. પુખ્ત વયના મરજી મુજબ સ્વતંત્ર નિર્ણય લેવાનો અધિકાર ધરાવે છે. પોતાનાં નિણર્યમાં માતા-પિતાને જાણ કરવાની કે સંમતિ લેવાની જરૂર નથી. બે જુદા ધર્મનાં લગ્ન હોય તો સ્પેશિયલ એક્ટમાં એક મહિના સુધીમાં વાંધો નોંધાવવાની જોગવાઈ તો છે જ. આવી જોગવાઈથી લગ્ન અટકી જવાના નથી. આવા કાયદા ચાલશે નહીં જેને કોઈને કોઈ ચેલેન્જ કરશે.

અનાથ બાળકોના કેસમાં કયા માતા-પિતાની પરવાનગી લેવાની રહેશે?: પ્રિતી બેન જોષી

જે બાળકોના માતા-પિતા છે પરંતુ ફેમિલી ડીસ્પ્યુટ કે તકરારો કોર્ટમાં ચાલતી હશે ત્યારે બંને માતા પિતાના નિર્ણયો અલગ હોય તો તેવા સંજોગોમાં શું થશે? જે બાળકોના માતા પિતા નથી અને એવા બાળકો અનાથ છે ત્યારે તેવા સંજોગોમાં પ્રેમ લગ્ન કરવા હશે તો કોની પરવાનગી લેશે ?આવા કેસો માં ઘણી કાયદાકીય જટિલતાઓ અને ટેકનિકી તકરારો ઉત્પન્ન થશે તેમ એડવોકેટ પ્રિતીબેન જોષીએ જણાવ્યું હતું. વધુમા તેમણે કહ્યું હતું કે ગુજરાતમાં આ નિયમનો અમલ થાય તો લોકો મા બાપની સંમતિ વિના અન્ય પ્રદેશ કે રાજ્યમાં જઈને લગ્ન કરશે તેવા કિસ્સાઓમાં વધારો થાય તેવું નકારી શકાય નહીં

ગૃહમંત્રીની જાહેરાતથી બંધારણનો ભંગ થાય છે: વકીલ અલ્પેશ ઠક્કર

વકીલ અલ્પેશ ઠક્કર કહે છે કે, સરકાર માતા-પિતાને તેમના સંતાનો મેરેજ રજિસ્ટ્રેશન કરાવી રહ્યાં છે તેવી જાણકારી આપી શકે. પરંતુ જો લગ્ન કરનાર બંને પુખ્ત વયના એટલે કે યુવતી 18 અને યુવક 21 વર્ષથી વધુ વયના હોય તો તેમના લગ્ન રોકી શકાય નહીં. કાયદો તેમને લગ્ન કરવાની મંજૂરી આપે છે. ગૃહમંત્રીની જાહેરાતથી બંધારણની કલમ 21નો ભંગ થાય છે, તેથી સરકારે આવી જાહેરાત કરતા પહેલાં બંધારણ વાંચવાની જરૂર હતી. ગુજરાત સરકારનો નવો નિયમ કેટલો અસરકાર રહેશે તેની પર પ્રશ્નાર્થ છે. પુખ્ત વયના યુવક-યુવતીની સ્વતંત્રતા પર તરાપ સમાન છે. લગ્ન નોંધણી અટકાવવાનો અધિકાર કાયદામાં સ્વીકાર્ય નથી. લગ્ન નોંધણી તો કરવી જ પડે.

કોઈ યુગલ રાજ્ય બહાર જઈને લગ્ન કરશે તો શું કાર્યવાહી થશે?: એડવોકેટ અશ્વિન જોગડિયા

એડવોકેટ અશ્વિન જોગડિયાએ જણાવ્યું હતું કે બંધારણ આમુખ અને મુળભુત અધિકારથી વિરૂધ્ધ કોઇ કાયદો બની શકે નહિ. આપણા દેશમાં દરેક ધર્મ પ્રમાણે લગ્ન નોધણીના નિયમ અને કાયદા છે, અને જો કોઇ બે અલગ-અલગ ધર્મની વ્યક્તિ લગ્ન કરવા માંગે તો તેમણે સ્પેશિયલ મેરેજ એક્ટની જોગવાઇઓ અનુસરવાની હોય છે. જેમાં પહેલાથી જ ૩૦ દિવસનો નોટિસ પીરિયડ અમલમા છે. હવે વાત રહી હિંદુ ધર્મમાં આંતરજ્ઞાતિય લગ્નની તો ભારત સરકાર આવા લગ્નને પ્રોત્સાહન આપે છે અને તેના માટે યુગલને સરકાર તરફથી નાણાં પણ મળે છે. લગ્ન નોધણી માટેના સૂચિત સુધારા ગુજરાત રાજ્ય પુરતા હોય તેવું દેખાય રહ્યું છે. જેથી જો કોઈ યુગલ રાજ્ય બહાર જઈને લગ્ન કરશે તો શું કાયદાકીય કાર્યવાહી થશે? અને અન્ય રાજ્યના લગન નોધણી અધિકારી તે યુગલ ના માતાપિતાને નોટીસ કાઢશે કે કેમ ? તે મોટો પ્રશ્ન છે.

ઉપલી અદાલતોમાં પડકારી શકાય: વકીલ નરેશ ગોહિલ

વકીલ નરેશ ગોહિલ કહે છે કે, સુપ્રીમ કોર્ટ અનુસાર પુખ્ત વયના યુવક-યુવતી લગ્ન રજિસ્ટ્રેશન કરાવી શકે. તેના માટે માતા-પિતાની સંમતિની કોઈ આવશ્યકતા નથી. જો સરકાર એવો નિયમ લાવે કે માતા-પિતાની મંજૂરી વિના લગ્ન નોંધણી ન થાય તો ચોક્કસપણે તે નિયમને ઉપલી અદાલતોમાં પડકારવામાં આવી શકે છે.

ફરજિયાત પ્રક્રિયાનો ભંગ થતાં ઉદ્યોગપતિને લાભ મળી ગયો

ઉદ્યોગપતિ સમીર શાહ, પત્ની હેતલબેન તથા પુત્ર જૈનમ શાહ કેસમાં પિતા-પુત્ર આરોપોમાંથી ડિસ્ચાર્જ

સુરતઃ વેસુ વિસ્તારમાં કારમાં ચાલતી દારૂ પાર્ટીની બાતમીના આધારે અલથાણ પોલીસે હાઈપ્રોફાઈલ દારૂબંધીના કેસમાં ઝડપેલા સુરતના ઉદ્યોગપતિ સમીર શાહ, પત્ની હેતલબેન તથા પુત્ર જૈનમ શાહ કેસમાં મેડિકલ એક્ઝામિનેશન એન્ડ બ્લડ ટેસ્ટ રૂલ્સના નિયમ-૪ની મેન્ડટરી જોગવાઈનો ભંગ થયો હોવાનું જણાવી આરોપી પિતા-પુત્રને આરોપોમાંથી ડિસ્ચાર્જ કરતો હુકમ ટ્રાયલ કોર્ટે કર્યો હતો. ગત ૧૭ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ વેસુ ખાતે કે. એસ. અંતરવન રેસ્ટોરન્ટ બહાર અલથાણ પોલીસે પાલ વિસ્તારના એલીજીયમ એપાર્ટમેન્ટમાં રહેતા ઉદ્યોગપતિ સમીર શાહ, પત્ની હેતલ શાહ, પુત્ર જૈનમ તેમજ વ્રજ શાહની ધરપકડ કરી હતી. અલથાણ પોલીસે તા.૧૭ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ બનાવના દિવસે જ આરોપીઓના બ્લડ સેમ્પલ મેળવ્યા હતા. આ બ્લડના નમૂના ગાંધીનગર FSLને છેક ૧૩મા દિવસે મળ્યા હતા. જેમાં આરોપી જૈનમ શાહે દારૂનો નશો કર્યો હોવાનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. આ કેસમાં કોર્ટે નોંધ્યું હતું કે બ્લડ ટેસ્ટ રૂલ્સની મેન્ડટરી જોગવાઈનું પાલન થવું જરૂરી છે. ફરજિયાત પ્રક્રિયાનો ભંગ થતાં બ્લડ ટેસ્ટ રિપોર્ટ કાયદેસર પુરાવા તરીકે સ્વીકારી શકાય નહીં. હાઈકોર્ટે સિદ્ધાંત પ્રસ્થાપિત કર્યો છે કે બ્લેડ સેમ્પલ લેતી વખતે બ્લડ ટેસ્ટ રૂલ્સની જોગવાઈઓનું પાલન કરવું જોઈએ. આવી મેન્ડટરી જોગવાઈના રૂલ-૪, પનો ભંગ થયો હોય તેવા એફએસએલના રિપોર્ટના દસ્તાવેજી પુરાવો વંચાણે લઈ શકાય નહીં. જેનો લાભ આરોપીને મળે છે.

પુણામાં મળસ્કે ટેલરની દુકાનમાં આગ ભડકી

સુરતઃ પુણા ભૈયાનગર ખાતે આવેલા મહાવીર એપાર્ટમેન્ટના ગ્રાઉન્ડ ફ્લોર પર બોમ્બે ફેશન નામથી ટેલરની દુકાન આવેલી હતી. દરમ્યાન મળસ્કે સાડા ત્રણેક કલાકે બંધ દુકાનમાં આગ ફાટી નીકળી હતી. જોત જોતામાં આગ ભીષણ બની ગઈ હતી જેને પગલે આગની જ્વાળાઓ દુકાનની બહાર સુધી દેખાવવા લાગી હતી,એટલું જ નહીં પણ ગ્રાઉન્ડ ફ્લોર પર આગ લાગી હોવાની ઘટના બાબતે ખબર પડતા એપાર્ટમેન્ટના રહીશો ગભરાઈ ગયા હતા. આ ઘટના અંગે જાણ થતાં ડુંભાલ ફાયર સ્ટેશનથી ફાયર બ્રિગેડના જવાનોની ટીમ ઘટના સ્થળે પહોંચી કામગીરી હાથ ધરી હતી. વધુમાં સબ ફાયર ઓફિસર પ્રવીણ ટંડેલએ જણાવ્યું હતું કે આગની જ્વાળાઓ દુકાનની બહાર સુધી આવી ગઈ હતી, જોકે અડધો કલાકની જહેમત બાદ આગને કાબૂમાં કરી લેવાંમાં આવી હતી. આગને કારણે દુકાનની અંદર રહેલા બે સિલાઈ મશીન તથા પંખા અને કપડા સહિતનો માલ બળીને ખાખ થઈ ગયો હતો.

નવાં 45 જંક્શન પર અદ્યતન ટ્રાફિક સિગ્નલ મુકાશે

સુરતઃ આગામી 27 ફેબ્રુઆરીના રોજ પેટા કમિટીઓની છેલ્લી મીટિંગ યોજાશે, જેમાં મહત્ત્વના વિકાસ પ્રસ્તાવો મંજૂરી માટે રજૂ કરાશે.

ટ્રાન્સપોર્ટ કમિટીની બેઠકમાં શહેર ટ્રાફિક વ્યવસ્થા વધુ સુદૃઢ બનાવવા માટે શહેર પોલીસ દ્વારા સૂચવાયેલાં 45 નવાં જંક્શનો પર ટ્રાફિક સિગ્નલ તથા ઇન્ટિગ્રેટેડ ટ્રાફિક કંટ્રોલ સિસ્ટમ સ્થાપિત કરવાની દરખાસ્ત મૂકવામાં આવશે. આ સમગ્ર પ્રોજેક્ટ માટે અંદાજે રૂ.16.11 કરોડનો ખર્ચ થવાનો છે. આ યોજના અમલમાં આવતા શહેરમાં ટ્રાફિક નિયંત્રણ વધુ અસરકારક બનશે તેમજ અકસ્માતોની સંભાવનામાં ઘટાડો થશે. તે સાથે જાહેર બાંધકામ સમિતિની બેઠકમાં આઉટર રિંગ રોડ પર સુરત-બારડોલી રોડ પરના આહીર ચોકથી અયોધ્યા માર્કેટ સુધીના માર્ગને "આઇકોનિક રોડ" તરીકે વિકસાવવાની દરખાસ્ત રજૂ થશે. આ માર્ગના સૌંદર્યીકરણ, આધુનિક સુવિધાઓ અને સુધારણા માટે રૂ.3.74 કરોડના અંદાજોને મંજૂરી માટે મૂકવામાં આવ્યા છે. શાસકોની ટર્મના અંતિમ તબક્કામાં વિકાસલક્ષી કામોને ગતિ આપવા માટે આ મહત્ત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવી રહ્યા હોવાનું મનપા વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે.

60 દિવસમાં ચાર્જશીટ રજૂ નહીં કરતાં આરોપીને ડિફોલ્ટ જામીન

મહિધરપુરા પોલીસે બેદરકારીનો NDPS કેસના આરોપી હનીફ ઘોડાને લાભ મળી ગયો

સુરતઃ મહિધરપુરા પોલીસે સાંઠ દિવસની મર્યાદામાં ચાર્જશીટ રજૂ નહીં કરતાં NDPS કેસમાં આરોપીના ડિફોલ્ટ જામીન સેશન્સ કોર્ટે મંજૂર કર્યા હતા. મહિધરપુરા પોલીસે આરોપી હનીફ ઉર્ફે ઘોડો ભુરાભાઈ હોતી મિયાણાની NDPS કેસમાં તા. 18/12/2025 ના રોજ ધરપકડ કરવામાં આવી હતી. કાયદેસર 60 દિવસની અંદર પોલીસે ચાર્જશીટ દાખલ ન કરતાં આરોપીએ તા. 23/02/2026 ના રોજ બપ